

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

*ટ્રેનોની આવ-જા કરતાં નહીં, ચોખ્ખું રહેવા દેજો,*
*'વિકાસ'ની પૂજામાં શોભાનું ખોખું રહેવા દેજો,*
*બોખું રહેવા દેજો પ્રજાના મોઢાં બંધ રખાવી -*
*શાંતિથી પી શકાય માટે નોખું રહેવા દેજો.*

હાઈકુ

*બનાવી નાખો*
*'આદર્શ' સ્ટેશનનું*
*સંગ્રહસ્થાન*
*(પ્રાણ વિનાનું ખોડીયું)*

*મજા છે જૂદી!*
*બાપુની છાતી પર -*
*બેસી પીવાની!*
*(ફિકર ફી લીકર)*

### ચિંતન

*તેરા વેરી કોઈ નહીં, તેરા વેરી ફેલ,*
*અપને ફેલ મિટાય લે, ગલી ગલી કર સહેલ ॥*

ઉપરોક્ત સાખી કહત કબીરામંથી લેવામાં આવેલ છે.

મૃત્યુલોકનાં માનવીઓને અનેક શત્રુઓ છે, એવું તે માને છે અને એ શત્રુઓથી છૂટકારો મેળવવાની ચિંતા સતત તેને સતત સતાવતી રહે છે. મનુષ્યના આ ભ્રમમાંથી તેને મુકત થવાની સલાહ આપતા કબીર કહે છે કે માનવી! તારા ખરા શત્રુઓ તો તારા કુકર્મો, કુતર્કો અને કુશબ્દો જ છે. જેનું આચરણ કરી તું ખુદ શત્રુઓ ઊભા કરે છે. આવા શત્રુઓને ઓળખી તેને તારા કરી તું ખુદ શત્રુઓ ઊભા કરે છે. આવા શત્રુઓને ઓળખી તેને તારા મનમાંથી અને તારા આચરણમાંથી દૂર કરી અને નિશ્ચિત બની જા, અને તને મળેલ માનવ અવતારને ખુશી ખુશી માણી લે!!

### સુવિચાર

- સૌભાગ્ય ભી ઉસી કો મિલતા હૈ, જિસને અપને આપ કો ઉસ કાબિલ બનાયા હૈ - **બોધિવૃક્ષ**
- મહેનતુ માણસને નસીબ પોતાનું વિઝિટિંગ કાર્ડ સામેથી આપે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- સ્વયંને બુદ્ધિશાળી સમજવું સારું છે
  પરંતુ સમસ્યા ત્યારે શરૂ થાય છે જયારે વ્યક્તિ બીજાઓને મૂર્ખ સમજવા માંડે છે - **કાજલ ઓઝા વૈદ્ય**
- આંખ ભીની હોય ત્યારે સ્મિત મુખ પર જોઈએ,
  જિંદગીની બેઉ બાજુ એમ સરભર જોઈએ - **મનહરલાલ ચોકસી**
- અંદરના અહમ્‌ને કદી જગાડવો નહીં અને ભૂખ્યો આવે દ્વારે તો તેને ભગાડવો નહીં...
  તમને દીધું કુદરતે અને તમે દીધું એક પડીકું, એમાં ઢોલ વગાડવો નહીં... - **જનાર્દન પાઠક**
- મુશ્કેલ પરિસ્થિતિઓમાં સંઘર્ષ કરતી વખતે,
  એક બહુમૂલ્ય સંપત્તિ વિકસિત થાય છે, જેનું નામ છે 'આત્મબળ' - **ગગનદીપ સાહુ**
- આજનું ઔષધ : અઠવાડિયામાં ચારેક ચમચી ઓલિવ ઓઈલ પીવાથી સાંધાના દુઃખાવામાં રાહત થાય છે **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

અઢળક સંપત્તિ ધરાવનાર ધર્મ પરાયણ શેઠને ઈચ્છા જાગી કે ગમે તે થાય, તો પણ મારે સ્વર્ગમાં જવું છે. એમને છૂટ્ટા હાથે દાન કરવા માંડ્યું. પ્રસિદ્ધિ મળે તેવા પરોપકારના કામોમાં ડૂબી ગયા. આ બધા પાછળ એક જ ઈચ્છા હતી કે ગમે તે થાય મરણ પછી સ્વર્ગ મેળવવું છે. સ્વર્ગની પ્રાપ્તિની ઝંખના એ કરેલા કાર્યો એ શેઠના અહંકારમાં વૃદ્ધિ કરી. એને એવો વહેમ થઈ ગયો કે એના જેવો દાની, સેવાભાવી બીજો કોઈ નથી. એવામાં એક સંત નગરમાં આવ્યા. શેઠ તેમની પાસે પહોંચીને વાત કરી, 'મહારાજ, મારે આ જન્મમાં સ્વર્ગ પ્રાપ્તિ નિશ્ચિત કરવી છે, એ માટે ધર્મ-કર્મના તમામ પ્રયત્નો કરી રહ્યો છું. હવે તમે મને કહો, મને સ્વર્ગ મળશે ખરું ને?' સંતે જવાબ આપ્યો, 'શેઠ, કોઈ પણ સંજોગોમાં તમને સ્વર્ગ મળે તેવું લાગતું નથી, તમે ક્યાં કંઈ પરોપકાર કે દાન કરો છો!!' સંતને જવાબ સાંભળી શેઠને ગુસ્સો આવ્યો. તેણે ગુસ્સામાં સંત ઉપર મુક્કો ઉગામ્યો. સંત શાંત રહ્યા. એની એમના ઉપર કોઈ અસર થઈ નહીં. તેમણે કહ્યું, જેનામાં આટલો બધો અહંકાર અને અધૈર્ય હોય, એને કદી સ્વર્ગ મળે નહીં, તમે જે કંઈ દાનધર્મ કરયા, એ તો તમારાં અહંકારની વૃદ્ધિ માટે કર્યા. જયારે સ્વર્ગ તો ક્રોધ જેવા અવગુણોથી મુક્ત થનારા ને મળે છે. જે દિવસે તમે આવા વિકારોથી મુક્ત થશો, એ દિવસે મૃત્યુ પછી નહીં, પણ આ જીવનમાં જ તમને સ્વર્ગનો અનુભવ થશે.' શેઠના અહંકાર અને ક્રોધ ઓગળી ગયો. એમણે સંતની ક્ષમા માંગી.

# દેશદ્રોહનો કાયદો રદ કરવાની યોગ્ય ટકોર

**તંત્રીસ્થાનેથી...**

જૂના શાહીબાગ સ્થિત સર્કિટ હાઉસની લાઉન્જમાં મહાત્મા ગાંધી વિરુદ્ધ ચાલેલા દેશદ્રોહના ખટલાની અદ્‌ભૂત તસ્વીર છે. ગાંધીજી કયારેક અસત્ય તો બોલે નહીં, એટલે એમણે તત્કાલીન બ્રિટીશ સરકાર વિરુદધ કરેલા વિદ્રોહનો સ્વીકાર કર્યો અને મન ના પાડતું હોવા છતાં કાનૂનની સાંકળે બંધાયેલા અંગ્રેજ જજ ભારે હૈયે એમને તત્કાલીન બ્રહ્મદેશ (મ્યાંમાર/બર્મા) ના માંડલે શહેરની જેલમાં છ વરસના કારાવાસની સજા સંભળાવી હતી. 'દેશદ્રોહ' શબ્દ જ એવો છે કે એનો ગુનો આચરનારને સજા થવી જ જોઈએ - એવો એક ખ્યાલ લોકમાનસમાં રૂઢ થઈ ગયેલ છે. આ દેશદ્રોહ અગાઉ રાજા રજવાડાંનાં જમાનામાં વિશેષ વ્યાપક હતો. અમીચંદ અને મીરજાફર જેવા વિશ્વાસુ સાથીઓને દેશદ્રોહ ન કર્યો હોત તો પલાસીના યુદ્ધમાં બંગાળના નવાબ સિરાજ-ઉદ્-દૌલાનો પરાજય ન થયો હોત અને અંગ્રેજોને સત્તાનો ચસકો ન લાગ્યો હોત. ૧૯૫૭ના વિપ્લવના દેશભક્ત વિદ્રોહીઓને દેશદ્રોહી ગણીને અંગ્રેજ સલ્તનતે મૃત્યુદંડ કે દેશવટો ફરમાવ્યો હતો. સુપ્રીમ કોર્ટમાં એડિટર્સ ગીલ્ડ, અને એક નિવૃત્ત સેનાપતિની અરજી પર સુનાવણી ચાલી એ 'દેશદ્રોહ'ની અંગ્રેજી સલ્તનતના સમયની ભયંકર કલમ સામે એટલા જ ભયંકર સવાલ ઊભા કરે છે. છેક ૧૮૭૦માં બ્રિટીશ સરકારે ઘડેલો દેશદ્રોહનો કાયદો આજે સામાજિક કાર્યકરો, રાજકીય વિરોધીઓ અને પત્રકારો-લેખકો સામે ઉગામવામાં આવી રહ્યો છે. અરજદારોએ ઈન્ડિયન પીનલ કોડની કલમ ૧૨૪-એ રદ કરવાની માંગણી કરી છે. કાં તો એ એ કલમ રદ થાય અથવા એના આડેધડ અમલીકરણ અને દુરુપયોગનો રોકવા માટે સુપ્રીમ કોર્ટ નિર્દેશિકા બહાર પાડે. મુખ્ય ન્યાયમૂર્તિની અધ્યક્ષતાવાળી બેંચને આ અરજી ધ્યાને લેવા જેવી લાગી છે. જે કાયદાનો અંગ્રેજ સાચા રાષ્ટ્ર નાયકો વિરુદ્ધ દુરુપયોગ થયો હતો એ આજે આઝાદીનાં પોણા સો વર્ષ પછી પ્રસ્તુત છે ખરો ? જો એનો સતત દુરુપયોગ જ થતો હોય તો બહેતર છે કે એને સરકારે રદ કરવો જોઈએ. મોદી સરકારે તો બીજા ઘણા નકામા બની ગયેલા કાયદા કચરાટોપલી ભેગા કરેલા જ છે, તો પછી આવા ભયંકર કાયદાની કલમને એ કેમ ટકાવી રાખવા માગે છે? સ્પષ્ટ છે કે દેશદ્રોહ વાળી કલમ લાગતાં જ કોઈ પણ નાગરિકને કોઈ જાતની તક આપ્યા વગર એરેસ્ટ કરી લેવામાં આવે છે. આ બિનજામીન પાત્ર ગુનો હોઈ એનો મહદંશે સત્તાધારી રાજકીય પક્ષ એના ટીકાકારોને ચૂપ કરવા માટે દુરુપયોગ જ કરતી હોવાનં જોવા મળે છે. મોદીના શાસનકાળમાં અનેક પત્રકારોને, રાજકીય રીતે વિરોધી વિચારસરણી ધરાવતા આગેવાનોને અને વિપક્ષને સમર્થન આપતા લોકોને આ કલમ હેઠળ પકડવાનો સિલસિલો શરૂ થયો જેમાં વિનોદ દુઆ જેવા વરિષ્ઠ મીડિયા કર્મી પણ ઝડપાઈ ગયા હતા. સુપ્રીમ કોર્ટે એમની વિરુદ્ધ લગાવાયેલ કલમ ફગાવી દઈ એક દાખલો બેસાડ્યો હતો. સરકારી હોદ્દેદારો કે સરકાર વિરુદ્ધ કશું વાંધાજનક બોલી કે લખી ન જ શકાય એ તો લોકશાહીનો છેદ ઉડાડનારી બાબત ગણાવી જોઈએ. સુપ્રીમ કોર્ટના વિદ્વાન ન્યાયમૂર્તિઓએ એને નાગરિકના વાણી સ્વાતંત્ર્ય અને અભિવ્યક્તિના મૂળભૂત અધિકારનું હનન ગણાવી સરકાર તરફથી ઉપસ્થિત એટર્ની જનરલને પૂછ્યું કે શું દેશદ્રોહનો કાયદો રદ કરવો ના જોઈએ? સુથારને કુહાડી આપોએ એ રાચરચીલું ઘડવા પૂરતી હોવી જોઈએ; એ જ કુહાડીથી એ આખું જંગલ કાપવા લાગે તો કુહાડી પરત લેવી જોઈએ કે નહીં? વેણુગોપાલે સરકારી પક્ષ પણ રજૂ કરતાં દેશદ્રોહનો કાનૂન ચાલુ રાખવાની જ તરફેણ કરી છે. અલબત્ત, એના અમલીકરણ માટે સુપ્રીમ કોર્ટે નિર્દેશિકા બહાર પાડે તો જરૂરી છે. છેલ્લા વર્ષો દરમિયાન સરકાર વિરુદ્ધ થયેલાં વિવિધ લોક આંદોલનોને દબાવવા આ કલમનો દુરુપયોગ થયો છે. હાર્દિક પટેલથી લઈ હમણાં જ જામીન પર છૂટેલા 'પાસ' નેતા પર દેશદ્રોહની કલમ લાગી હતી! 'દેશદ્રોહ' ની કલમ લાગે એ પછી ફરજિયાત કસ્ટડીમાં રહેવું પડતું હોય છે. પરંતુ આવા હજારો કેસો પૈકી માડં દસેકનો ગુનો સાબિત થયો છે તે જ શું સૂચક નથી? સામાન્ય પોલીસ અધિકારી કોઈ પણ પ્રતિષ્ઠિત નાગરિક પર વેર વાળવા આ કલમ લગાવી બિનજામીનપાત્ર વોરંટ કાઢી શકે છે. સવિશેષ સુપ્રીમ કોર્ટની ચિંતા કાયદાનો થતો રાજકીય દુરુપયોગ રોકવાની છે.

# મેલેરિયાનું PCR ક્યારે કરાવવું ?

**મેલેરિયા PCR નું સાચો હોય છે ? ● મેલેરિયા PCR બધી લેબોરેટરી વાળા કરે છે? ● PCR એટલે પોલિવરેઝ ચેન રિએકશન**



તન દુરસ્તી
મહેન્દ્ર ગજ્જર

આજે ડાહ્યાલાલ અને ગાંડાલાલ બંને પોતાની ખુરશી લઈને વડના ઝાડ નીચે પલાઠી વળીને શાંતચિત્તે બેઠા હતા. ચર્ચા, કોઈ મુદ્રા કોઈ બાકી નહોતું. શું વાત કરવી એનો વિષય મળતો નહોતો ત્યાં અચાનક ગાંડાલાલ બોલ્યાં અરે ! ડાહ્યાલાલ પેલાં છાપામાં આવેલં કે હવે મેલેરિયાના ચોક્કસ નિદાન માટે PCRથી મેલેરિયા સચોટ ખબર પડે છે. મેં લેબોટરલીમાં જઈને મેં કહ્યું, કે મારે PCRથી મેલેરિયા ચેક કરાવો છે તો લેબોરેટરી વાળાને કહ્યું કે આવો કોઈ ટેસ્ટ હોતો નથી. એક તો તાવ આવેલ અને હું તાવ સાથે ૩ લેબોરેટરીમાં જઈને મેલેરિયા PCR થી મેલેરિયા ચેક કરાવો છો. તો લેબોરેટરી વાળાએ કહ્યું કે આવો કોઈ ટેસ્ટ હોતો નથી. એક તો તાવ આવે છે. અને હું તાવ સાથે ૩ લેબોરેટરીમાં જઈને મેલેરિયા PCR થી કરવો છે એવું કહ્યું, તો ૩ એ લેબોરેટરી વાળાએ કહ્યું કે આવો કોઈ ટેસ્ટ હોતો નથી. પછી મેં મારા ડૉકટરને પૂછ્યું, તો ડૉકટરે કહ્યું. આ બહુ સેનેન્સીટીવ ટેસ્ટ છે. જે બધી લેબોરેટરી વાળા કરી શકતા નથી. એમણે એક લેબોરેટરીનું નામ આપ્યું. આ એક જ લેબોરેટલીમાં ટેસ્ટ થશે. એ લેબોરેટરી વાળાનો નંબર લઈને તેમને ફોન કર્યા. તેમને કહ્યું ટેસ્ટ કરતી હશે તો તમારા લોહીમાં મેલેરિયા છે કે નહીં એટલું જ કહેશે. જયારે અમારી લેબોરેટરીમાં મેલેરિયા છે કે નહીં, એ તો કહીશું જ તેની સાથે કઈ જાતનો મેલેરિયા છે એ પણ કહીશું એટલે કે એ મેલેરિયા વાઈવેક્સ છે કે ફાલસી ફેરામાં છે. તે પણ કહીશું. આવા ટેસ્ટ ખૂબ જ ઓછી લેબોરેટરી વાળા કરી શકે છે. અમે તમારું લોહીનો નમૂનો સવારે લઈ અને સાંજ સુધીમાં તમને તમારો રિપોર્ટ આપી દઈશું. મેં લેબોરેટરી વાળાને કહ્યું કે ઘરે આવીને તમે લોહીનું સેમ્પલ લઈ જશો. તો લેબોરેટરી વાળાએ હા કહી. મેં ઘરે મારુ લોહી લેબ માટે વિઝિટ બુક કરાવી અડધો કલાકમાં લેબોરેટરીમાંથી લોહીનો નમૂનો લેવા માટે ત્યાં આવ્યાં.

સામાન્ય રીતે લોહીનાં ટેસ્ટ કરાવો તો ૨ થી ૩ હજાર રુપિયા થતાં હોય છે. જયારે આ લેબોરેટરી વાળાએ માત્ર ૧૫૦૦ રુપિયા લઈને મારો રિપોર્ટ કરી આપ્યો. સાંજે મારો રિપોર્ટ આવ્યો. જેમાં વાઈવેક્સ નામનો નામનો મેલેરિયા મારાં શરીરમાં હતો. મેં મારા ડૉકટરને આ રિપોર્ટ બતાવ્યો. જેમાં ડૉકટરો ખાલી મેલેરિયાની દવા અને તાવની દવા પેરાસિટામોલ લખી આપી. માત્ર ૨૦૦૦ રુપિયામાં મારું નિદાન થઈ ગયું. અને બીજા દિવસથી તાવ જતો રહ્યો. ડાહ્યાલાલ જો આ મેં ટેસ્ટ ન કરાવ્યો હોત તો મારે ડોકટર લખી આપેલ વાઈરલ ઈન્ફેકશન, મેલેરિયા અને બીજી ઘણી બધી દવાઓ લેવી પડી હોત. અને કારણ વગરની એન્ટી બાયોટિક્સ શરીરમાં નાખવાથી મને અશક્તિ પણ ખૂબ આવી ગઈ હોત અને મારું અઠવાડિયું પાછું બગડત.

ડૉકટરે કહ્યું હતું, કે તાવ આવે એટલે પેલા કોરોનાનો ટેસ્ટ કરાવવાનો અને લોહીનાં બીજા ટેસ્ટ જેવા કે CBC, ESR, SGPT, Widal, CRPm D-Dimer વગેરે ટેસ્ટ માટે કરાવવાનાં થાય. એ બધામાંથી હું બચી ગયો. એટલે મેલેરિયા PCR એ તાવ આવે એટલે તાત્કાલિક કરાવી લેવો જોઈએ. ડાહ્યાલાલ બોલ્યાં, પણ ગાંડાલાલ તમારો મેલેરિયા PCR જો નેગેટિવ આવ્યો હોત તો શું થાત! ગાંડાલ બોલ્યાં જો મારો મેલેરિયા PCR ટેસ્ટ નેગેટિવ આવ્યો હોત તો CBC, CRP, SGPT, D-Dimer, Ferritine, Pro- નામનાં ટેસ્ટ કરાવવા પડ્યા હોત. પણ ડૉકટર સાહેબ મને ટેસ્ટનાં રિપોર્ટ આવ્યાં પહેલાં એન્ટી બાયોટિક્સ મેલેરિયાની દવા વગેરે લખી આપ્યું હોત. ડાંહ્યાલાલ તમે સમજો, જો મલેરિયાનો ટેસ્ટ નેગેટિવ આવ્યો હોત તો મારે મેલેરિયાની દવા ન લેવી જોઈએ. પણ આપણે ત્યાં ૧૦૦% મેલેરિયાનું નિદાન લેબોરેટરીમાં શક્ય હોતું નથી. કારણ કે લેબોરેટરીમાં ૧૦૦% મેલેરિયા માટે ટેસ્ટ નહોતા. હવે મેલેરિયા PCR થી મલેરિયાનું નિદાન ૧૦૦% શક્ય બન્યું છે. ધારો કે, મેલેરિયા નેગેટીવ હોય તો તાવનું બીજું કારણ શોધવું પડે, જેમાં વાઈરલ ઈન્ફેકશન હોય કે બેકટેરિયાનું જંતુનો ચેપ હોય તેના માટે લોહીનાં જુદા જુદા ટેસ્ટ કરાવવા પડે અને પેશાબનો ટેસ્ટ પણ પેશાબમાં પરું જાય છે એ પણ કરવો પડે. આ બધી માયાજાળમાંથી મુક્તિ મેળવવા તાવ આવે એટલે મેલેરિયા PCR પહેલાં કરાવી લેવો જોઈએ.

# વહીવટી અનુભવોની ખાટી મીઠી વાતો...



ક્ષણના ચણીબોર
વી. એસ. ગઢવી

હરિલાલ સોમજીભાઈ છાયાના દુ:ખદ નિધનના સમાચાર થોડા સમય પહેલા 'કચ્છમિત્ર'માં વાંચવા મળ્યા. કચ્છના દેશી રજવાડામાં તેમનો જન્મ થયો હતો. તેમના પિતાશ્રીની દરબારી નોકરીમાં સતત ફેરબદલી તેમજ બીજા પ્રતિકૂળ સંજોગો વચ્ચે પણ ૧૯૩૦ થી ૧૯૮૦ સુધીની તેમની કારકીર્દિ ભાતીગળ રહી છે. ૧૯૧૫ના કચ્છી નૂતન વર્ષનો પ્રારંભ ગણાતા અષાઢી બીજના દિવસે જન્મેલા આ વહીવટદારની નિરંતર પ્રગતિ બીજના ચંદ્ર જેવીજ મનોહર તેમજ પ્રભાવી રહી છે. તેમનું આત્મકથાનક 'અતીતનો આનંદ'માંથી પસાર થતા લખાણની તેમની રોચક, પ્રવાહી તેમજ બીનઆડંબરયુક્ત શૈલિના દર્શન થાય છે. પોતાના વહીવટી અનુભવો લખીને છાયા સાહેબે તત્કાલિન સમય અંગે ઉપયોગી માહિતી પૂરી પાડી છે. અંગ્રેજીમાં સનદી સેવાના આત્મકથા સ્વરૂપના પુસ્તકો અથવા તત્કાલિન સમયની મહત્વની ગતિવિધિઓના વર્ણનના કથાનકો મોટી સંખ્યામાં મળે છે. ગુજરાતીમાં પણ લલિતચંદ્ર દલાલ, કુલિનચંદ્ર યાજ્ઞિક તથા હસમુખ શાહના આ પ્રકારના લખાણો નોંધપાત્ર છે. પ્રવિણભાઈ લહેરીએ પણ 'અખંડઆનંદ'માસિકમાં સેવાકાળના સ્વાનુભાવો રસાળ શૈલિમાં આલેખ્યા છે. છાયા સાહેબના અતીતનો આનંદ માણવા જેવો તથા વહેંચવો ગમે તેવો છે. છાયા સાહેબે લખેલા પ્રસંગોમાંથી કેટલાક ફરી ફરી યાદ કરવા ગમે તેવા છે.

કચ્છ – સૌરાષ્ટ્રમાં મોટાભાગે શ્રાવણ માસમાં અનેક મેળાઓનું આયોજન થાય છે. છલોછલ લોક ઉત્સાહ તથા લોકભાગીદારીને કારણે આ મેળાઓ ભાતીગળ તથા જીવંત હોય છે. '' મેળે મેળે સૌ મળે એ મેળો '' એવી ઉક્તિ ખરી છે. કારણકે મેળામાં મહાલવા માટે કોઈ આમંત્રણ મોકલવાના હોતા નથી. સ્વયં ઉત્સાહથી આ મેળાઓ ભરાય છે અને વિખેરાય છે. એક રીતે જોઈએ તો આ સ્વયં સંચાલિત તેમજ સ્વયં નિયંત્રિત વ્યવસ્થા હતી. કચ્છમાં તેમજ સૌરાષ્ટ્રમાં આવા ભાતીગળ લોકમેળાઓની ભરમોર હતી. જોકે વર્તમાન સંજોગોમાં આવા કેટલાક લોકમેળાઓમાં શહેરીકરણની ભારે અસર થયેલી જોવા મળે છે. તેનાથી આ લોકમેળાઓનું મૂળ સ્વરૂપ બદલાયું છે. આમ છતાં તેની લોકજીવન પરની અસર બરકરાર રહી છે. રાપરના આવા એક મેળામાં પોતાના શાળા જીવન દરમિયાનના સ્વાનુભવને હરિલાલભાઈએ ટાંક્યો છે જે રમૂજ સાથે તે સમયની વાસ્તવિક સ્થિતિ તરફ ધ્યાન દોરે છે. હરિભાઈએ ભવાઈના ખેલના એક પ્રસંગનું આલેખન કર્યું છે :

ભવાઈનો ખેલ બરાબર જામ્યો હતો. ખેલનો વિષય અભિમન્યુના ચક્રવ્યૂહ ભેદવાને સંબંધિત હતો. ભવાઈના કલાકારોએ બરાબર રંગ જમાવ્યો હતો. અભિમન્યુ પ્રચંડ શક્તિથી ઝૂઝી રહ્યો હતો. તેની મદદમાં ભીમ વગેરે યોધ્ધાઓ હતા. છ કોઠાને બહાદુરીપૂર્વક ભેદીને અભિમન્યુ સાતમે કોઠે પહોંચ્યો. યુધ્ધના દ્રષ્યોએ જમાવટ કરી હતી. પ્રેક્ષકો આગળના દ્રષ્યો જોવા આતુર હતા. પરંતુ અચાનક અભિમન્યુ તેના હથિયારો સાથે જમીન પર બેસી ગયો. તેના મદદગાર યોધ્ધાઓ પણ બેસી ગયા. પૂછપરછ થતાં અભિમન્યુએ ખુલાસો કરતાં જણાવ્યું કે તેમની સમગ્ર મંડળીનો ખાધાખોરાકીનો બંદોબસ્ત થયો ન હતો. આથી તેઓ થાકી ગયા છે તેમજ ચિંતામાં પણ છે. ખેલ જોનારા સૌ ચમકી ગયા. બાળકોએ ધમાલ કરીને વડીલોને જણાવ્યું કે જલ્દી ખેલ ચાલુ કરાવો. અંતે ગામના વેપારીઓએ સીધા સામાનની વ્યવસ્થા કરવા માટેની હૈયાધારણ આ બહારથી આવેલા મહેમાન કલાકારોને આપી. ફરી અભિમન્યુ જોશભેર ઊભો થયો. કૌરવોને પડકારીને સાતમો કોઠો વિંધવા જંગે ચડ્યો. કથા મુજબ આ યુધ્ધમાં જોકે અભિમન્યુનું મૃત્યુ થયું. હરિલાલનું બાળમાનસ વિચારે છે કે જો ખોરાકીનો બંદોબસ્ત નથયો હોત તો સારું થાત. કમસે કમ અભિમન્યુ તો બચી ગયો હોત !

'અતીતના આનંદ' ને વાગોળતા છાયા સાહેબે તેમની કચ્છ જિલ્લાના મુંદ્રા ખાતેની વહીવટદાર તરીકેની નિમણુંકની વાત લખી છે. હાલના સંદર્ભમાં જોઈએ તો મામલતદાર જેવી આ જગા ગણાય. પરંતુ વાહન વ્યવહારના આજના ઝડપી યુગમાં ભૂજથી મુંદ્રા પહોંચવામાં જે મુસાફરીનું વર્ણન લેખકે કર્યું છે તે લગભગ પરીકથા સમાન લાગે છે. મુંદ્રા વહીવટદાર તરીકે લેખકે જુલાઈ-૧૯૪૪ થી ઓક્ટોબર-૧૯૪૭ સુધી ફરજ બજાવી હતી.

છાયા સાહેબની આત્મકથનની વાતો વાંચતા તત્કાલિન અધિકારીઓના જીવંત લોકસંપર્ક તેમજ વહીવટી સૂઝના દર્શન થાય છે. જે વિસ્તારમાં ફરજ બજાવતા હોય તે વિસ્તારના સામાજિક તેમજ આર્થિક પાસાઓનો ઊંડો અભ્યાસ પણ તેઓને હતો તેવી પ્રતિતિ થાય છે. નજીકના ભૂતકાળમાંજ અનીલભાઈ શાહ (ઝવેરચંદ મેઘાણીના જમાઈ) જેવા કેટલાક ધન્યનામ અધિકારીઓ આ કક્ષાનાજ તેમજ આવું વલણ ધરાવનારા હતા. આજના સમયના પ્રમાણમાં સમયની કદાચ થોડી વધારે અનુકૂળતા હશે તેમ માની શકાય. તેમ છતાં, તેમની જે કાર્ય કરવાની પધ્ધતિ હતી તે બાબતમાં આજે પણ તેમના તરફ સન્માનની લાગણી થાય તેવી છે. આજે પણ કેટલાક અધિકારીઓમાં આવીજ નિષ્ઠા હશે. કારણકે 'બહુરત્ના વસુંધરા' આ બાબતમાં ઉદાર તથા દયાળું છે. જાહેર વહીવટમાં જે લોકો આજે કામ કરે છે તેમને છાયા સાહેબે લખ્યા છે તેવા કથાનકોમાંથી કેટલુંક શીખવા – સમજવા જેવું મળે તેવી પૂરી શક્યતા છે.

# ઉપકારનો ઓડકાર એ તંદુરસ્તીની નિશાની નથી..!



સંવેદનનું સ્ટેટસ
રમેશ ઠક્કર

મહાભારતમાં એક પ્રસંગ કૃષ્ણની વ્યવ્હાર કુશળતાને બરાબર ઉપસાવે તેવો છે..યુધ્ધ લગભગ નિશ્ચિત હોય છે,ત્યારે એનાં દુષ્પરિણામો અને વિનાશથી જ્ઞાત એવા ભગવાન કૃષ્ણ બંને પક્ષો વચ્ચે કોઈક સમાધાનની તક શોધે છે.આમાં પાંડવો તરફથી સહકાર મળવાની એમને ખાતરી છે.પરંતુ મદમસ્ત દુર્યોધનને સમજાવવો દુષ્કર લાગે છે.છતાં પણ એ ડાયલોગ માટે હસ્તિનાપુર જાય છે..આ પ્રસંગે એમને પોતાની સાથે જમવા આવવા માટે દુર્યોધન આમંત્રણ આપે છે..જેનો કૃષ્ણ અસ્વીકાર કરે છે..!

દુર્યોધન એમને ના પાડવાનું કારણ પૂછે છે ત્યારે શ્રીકૃષ્ણ જે પ્રત્યુત્તર આપે છે એ બહુ માર્મિક છે..એ કહે છે..

'ભોજન હંમેશાં બે વ્યકિતઓના ઘેર જઈને લઈ શકાય..એક જેમની સાથે સ્નેહનો સંબંધ હોય એમની સાથે..અને બીજા કે જેના આપણે આશ્રિત હોઈએ તેના આંગણે..આપણી વચ્ચે આ બેમાંથી એક પણ પ્રકારના સંબંધની ભૂમિકા બનતી નથી..એટલે મારું ભોજન જેની સાથે મારી સ્નેહગાંઠ છે એવા વિદુરને ઘેર લઈશ...'

આ પ્રસંગમાંથી આપણને બોધ મળે છે કે માણસે ઉપકાર કેવી વ્યકિતનો લેવો જોઈએ..ઘણીવાર ઉપકૃત કરનાર વ્યકિતમાં તાબેદારનો ભાવ આપોઆપ આવી જતો હોય છે..કોઈકની રહેમ હેઠળ જીવવું એ આમ જોઈએ તો એક પ્રકારની ગુલામી જ ગણી શકાય...માણસે કોઈની પણ મદદ લેતાં પહેલાં એની લાયકાત જોવી જોઈએ...

આમ છતાં કોઈના પણ સહારા વગર કે સહકાર વગર જીવવું એ માણસ માટે શક્ય નથી એ પણ સત્ય છે.આપણા રોજબરોજના વ્યવહારમાં આપણે અનેક લોકોની મદદ લેતા જ રહીએ છીએ.એમાં વ્યવસાયિક સેવાઓ કે નિસ્વાર્થ સેવાઓ સિવાય પણ અનેક પ્રકારે એકબીજાને પરસ્પર જરૂર પડતી હોય છે..માણસ એ સામાજિક પ્રાણી છે એને કોઈકની લાગણી કે હૂંફ ગમતી જ હોય છે.

માણસ કોઈકની મદદ કે સહાય થકી નાનામોટાં કામો આસાનીથી કરતો રહે અને સામા પક્ષે એકબીજાને સામાજિક ગૌરવને કોઈ વાંધો ના આવતો હોય તો એ ઉત્તમ બાબત ગણી શકાય..પંરતુ સામાન્ય રીતે આવું બનતું હોતું નથી..માણસ સામેની વ્યકિતને બે જ રીતે જોતો હોય છે..ક્યારેક સામેવાળાથી ચડિયાતા સ્વરૂપે અને કદીક એની સામે લઘુતા અનુભવતો હોય એ રીતે...મૈત્રી કે સમાનતા હોય એવા બહુ જૂજ દાખલા હોય છે... આપણને મદદ કરનાર જ્યારે ગૂરૂતાના ભાવ સાથે એ કરે છે ત્યારે જાણેઅજાણે એમાં તુચ્છતાનો ભાવ આવી જતો હોય છે..એ જ રીતે મદદ લેનારની પણ એક ખુમારી હોય છે..એના મનના ભાવો કેવા હોવા જોઈએ ? 'મરીઝ' બહુ સરસ રીતે આ વાત કહે છે...

'દુનિયામાં કઈકનો હું કરજદાર છું 'મરીઝ',
ચૂકવું બધાનું દેણ જો ઈશ્વર ઉધાર દે..'

ઉપકાર કરનાર અથવા કોઈકને કશુંક આપનાર જો એને એક સ્વાભાવિક કર્તવ્ય કે સંસ્કાર ગણી વ્યવ્હાર કરે તો આ બાબત સામેની વ્યકિતને ખટકતી હોતી નથી..પરંતું જે માણસ અંદરથી ખાલી છે અભિમાની કે અધૂરો છે એના કિસ્સામાં આવું બનતું હોતું નથી..જો પોતે કરેલા ઉપકાર કે મદદની ઢોલ એ જાહેરમાં પીટયા કરે તો એમાંથી નરી અસંસ્કારિતા જ ટપકતી રહે છે..

મોટાભાગે માણસો દેખાદેખી કે પોતાનો સામાજિક દરજ્જો દર્શાવવા વિચાર્યા વગર જ કોઈકને સહાય આપવા ધસી જતા હોય છે..એમાં અંતરથી ઉભરેલી અભિલાષા કે કોઈક જીવનસમજણના આધારે લીધેલો નિર્ણય હોતો નથી. ઘણી વખત માણસ પ્રસિદ્ધિ માટે કે કોઈક અંગત સ્વાર્થ માટે અથવા તો કોઈક વ્યૂહરચનાને માટે પણ સખાવત કરતો રહે છે... આપણી સંસ્કૃતિમાં સેવા અથવા પરોપકારને પરમ ધર્મ કહેવામાં આવે છે..અને એના દેખાડાથી દૂર રહેવાની શિખામણ પણ આપવામાં આવી છે..આમ છતાં મોટાભાગે માણસ જયારે ઉપકાર કરે છે ત્યારે વ્યક્ત થઈ જ જતો હોય છે..અથર્વવેદમાં એવું કહેવાયું છે કે 'સો હાથે ભેગું કરો અને હજાર હાથે વહેંચો...' પણ આપણે થોડુંઘણું જ વહેંચીયે છીએ અને હજાર વાતોથી એની જાહેરાત કરતા રહીએ છીએ...

જાહેર વ્યવસ્થા કે લોકહિતનાં કાર્યોમાં જાહેર મદદની ટહેલ નાખવી એ સામાન્ય બાબત છે.આવાં કામો એકબીજાના સહકાર વગર શક્ય જ નથી.આવાં ઉમદા કામો કરીને ક્યારેક માણસ પોતાની તકતી મૂકાવે કે પ્રસિધ્ધિ મેળવે એ તો અમુક અંશે ચલાવી શકાય પણ કોઈકને વ્યકિતગતરૂપે મદદ કરી એનો ઢંઢેરો પીવો એ તો માનવજાત સામેનું તહોમતનામું જ છે..કોઈકની ઉપર કરેલા ઉપકારનાં ગુણગાન ગાઈ સાર્થકતાનો જે ઓડકાર માણસ ખાય છે એ ખરેખર તો એક બિમારીની નિશાની હોય છે ! આપણે ત્યાં કહેવાય છે કે એક હાથથી કરેલી મદદની જાણ બીજા હાથને પણ ના થાય ત્યારે એ સખાવત ઉત્તમ કહેવાય..

'ઘસાઈને ઊજળા થઈએ' એવું કહેનાર રવિશંકર મહારાજે બહુ સુંદર શબ્દોમાં કહયું છે : ' ગમે તેટલા પરોપકારનાં કામ કરવા છતાં જે થાકે નહી એ છે હાથનો વૈભવ...' પોતે કરેલા ઉપકારોનાં ગાણાં ગાવાનો કોઈ વૈભવ હોતો નથી..તુલસીદાસજી કહે છે...'પરોપકાર કરનાર સંતો કે વૃક્ષો કયારેય બદલાની અપેક્ષા રાખતા નથી કે પોતાના નામનો પ્રચાર પણ કરતા નથી...' એક માણસ બીજા માણસની મદદમાં આવે કે સહાયરૂપ બને એ સહજ ઘટના છે..દરેક માણસ જીવનને કોઈને કોઈ તબકકે કોઈકની મદદ લેતો જ હોય છે... ફરક એટલો છે કે ઉપકાર કરતી વખતે અને એ લેતી વખતે બંને તરફથી જે સદભાવ પ્રગટે એ મહત્વનો હોય છે... કરેલા ઉપકારની પાછળ ઉદાત્ત ભાવના કે સંસ્કારનું પીઠબળ ના હોય તો ઘણીવાર સામેની વ્યકિત માટે એ ઉત્તમ વ્યવ્હાર પણ પીડાકારક બની જતો હોય છે..ક્ષમા જેમ વીરપૂરૂષનું આભૂષણ છે એ જ રીતે ઉપકાર કર્યા પછીનું મૌન એ પણ ઉત્તમ ઘરેણું જ ગણી શકાય...